# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૬ | ઓગસ્ટ-૧૩ થી સપ્ટેમ્બર-૨૦૧૩ | ✻ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✻ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૩૯ થી ૪



✻ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✻ **મદદનીશ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પારેખ
(ગ્રંથપાલ)

✻ **સહ તંત્રીશ્રીઓ :**

ડૉ. ગોવિંદ સી. કાછીઆ
(આમંત્રિત)
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી. જોષી
શ્રી પરેશ પટેલ

✻ **વિદ્યાર્થી સંપાદકો :**

સોલંકી ઈન્દિરાબેન
પટેલ સોનમ
ચૌહાણ દિવ્યા



✻ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ
એન્ડ સાયન્સ કોલેજ,
પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :
www.petladcollege.com


## અમૃતવાણી

મારું જીવન જો મારું જ રહે તો રૂંધાઈ જાય.

મારું જીવન જેટલા પ્રમાણમાં બીજાઓનું થાય તેટલા

પ્રમાણમાં તે ખીલે.

પુષ્પ જો બીડેલું રહે તો એનું સૌદર્ય ના દેખાય

અને એની સુગંધ ન પ્રસરે. પુષ્પ જ્યારે પોતાની મહેંક

પવનને સોંપે ત્યારે પુષ્પ તરીકે એનો અવતાર સાર્થક થાય.

હાથ જો મુઠ્ઠીમાં બંધ રહે તો એમાં કંઈ ન આવે.

હાથ ખુલ્લો રહે તો, એમાં બધું આવી જાય.

પાણીનો પ્યાલો આવે, જ્ઞાનનું પુસ્તક આવે અને

મિત્રનો હાથ આવે.

હૃદય ખુલ્લું રહે તો પ્રેમ આવે અને બંધ થાય તો ?

તો મૃત્યુ જ છે ને !

**- ફાધર વાલેસ**

# ષડ્દર્શનો દર્શનસૂત્રો

**-પ્રા.એમ.બી.વાઘેલા**
**પ્રા. દિવ્યા એસ. ચૌહાણ**
**સંસ્કૃત વિભાગ**

દર્શન એટલે જોવાનું સાધન. તેની ઉત્પત્તિ ઈ.સ. પૂર્વે ૬૦૦ ની આસપાસ થઈ છે. પરમાત્મા એટલે આત્માનું સ્વરૂપ. મૃત્યુ પછી આત્માની સ્થિતિ વગેરે બાબતોની ગહન ચર્ચા થાય છે. આ દર્શનોનું મૂલ્યાંકન શ્રી અરવિંદ કહે છે કે સર્વ દર્શનો જીવન જગત અને પરમાત્મા વિષે ઝીણવટભર્યા અને ઊંડાણપૂર્વકના અભ્યાસ કરતા ભિન્ન ભિન્ન દષ્ટિકોણવાળા તત્ત્વજ્ઞાનપૂર્ણ ગ્રંથો છે.

દર્શનનો છે છે. સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા-વેદાંન્ત.

**૧) સાંખ્યદર્શન :**

સાંખ્યશબ્દનો અર્થ જ્ઞાન થાય છે. આ દર્શનથી જીવનમાં સાચું જ્ઞાન થતું હોવાથી તે સાંખ્યદર્શન કહેવાય છે. આ દર્શન દ્વૈતવાદી છે. તે પુરુષ અને પ્રકૃતિ એમ બે તત્ત્વોને વિશ્વના મૂળ કારણ તરીકે માને છે. પુરુષ અને પ્રકૃતિ બંન્ને સત છે. પુરુષ અસંગ અને અસંખ્ય છે તથા પ્રકૃતિ કર્તાભોકતા છે. આ દર્શનમાં ૨૫ તત્ત્વોની સંખ્યા ગણવામાં આવે છે.

સંસાર દુઃખપૂર્ણ છે તે આ દર્શનનો મુખ્ય સાર છે. તેના રચયિતા કપિલમુનિ છે. અન્યોન્યમિશ્રિત એવાં પ્રકૃતિ તથા પુરુષ આ દુઃખના કારણભૂત છે. પુરુષ પ્રકૃતિથી ભિન્ન હોવા છતાં પણ પોતાને મૂંઝવી નાંખે છે. જે પ્રકૃતિની ક્રિયાઓને પોતાની માને છે. પણ પોતે પ્રકૃતિથી ભિન્ન છે. એવું તેને જ્ઞાન થાય કે સમજાય તો મોક્ષ શક્ય બને છે. આ દર્શનમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર થયો નથી પ્રકૃતિ પોતાની શક્તિ વડે જ વિકાસ પામે છે અને વિશ્વરૂપ બને છે.

**૨) યોગ દર્શન :-**

યોગદર્શનના રચયિતા પંતજલિ ઋષિ છે. સાંખ્યમાં ઈશ્વરનો અસ્વીકાર થયો છે. જ્યારે આમાં તેનો સ્વીકાર થયો છે. બીજી બધી બાબતોમાં આ દર્શન પણ સાંખ્યદર્શનના સિધ્ધાંતોનો સ્વીકાર કરે છે. પ્રકૃતિના નૃત્યને પોતાનું જ નૃત્ય માની બેઠેલા અજ્ઞાન અંધકારમાં ફસાયેલા પુરુષને કેવી રીતે મુક્ત કરવો તે માટેનો માર્ગ આ દર્શનમાં રજૂ થયેલો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિએ યોગનો આઠ અંગો છે. સાંખ્યદર્શનએ સિધ્ધાંતોનું શાસ્ત્ર છે. જયારે યોગદર્શન તેની ઉપયોગ પધ્ધતિ છે.

**૩) ન્યાયદર્શન :-**

ગૌતમ ઋષિ દ્વારા રચિત આ દર્શનમાં સત્ય-અસત્યનો નિર્ણય કરવા માટે જ્ઞાન આપતાં સૂત્રો પ્રમાણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ન્યાયનો વ્યુત્પત્તિ અર્થ કોપણ વિષયમાં પ્રવેશ કરવો એવો થાય છે. મતલબ કે આ દર્શનમાં વિશ્લેષણાત્મક સંશોધનનો આગ્રહ રાખવામાં આવ્યો છે. ન્યાયમાં તર્કની વિશિષ્ટ સ્થાન હોવા છતાં એ માત્ર તર્કશાસ્ત્ર નથી. પરંતુ વિશાળ અર્થમાં વિચાર શાસ્ત્ર છે. દેહથી આત્મા ભિન્ન છે અને વિશ્વનો કર્તા ઇશ્વર છે. વગેરે બાબતો અનુમાન વડે સ્પષ્ટ કરવામાં આવી છે. પરમાત્માની સર્વવ્યાપી અને અમર ગણવામાં આવ્યો છે.

**૪) વૈશિષક દર્શન :**

કણાદ ઋષિ દ્વારા રચિત આ દર્શનમાં પદાર્થોનું વર્ગીકરણ કરાયેલું છે. ન્યાય દર્શનની જેમ આ દર્શન પરમાણું કારણવાદને સ્વીકારે છે. વિશ્વનું સર્જન પરમાણુંમાંથી થયું એમ આ દર્શન કહે છે. આ દર્શનનો વિષય છ પદાર્થો અને નવ દ્રવ્યો છે. આ છ પદાર્થ તે દ્રવ્ય ગુણ, કર્મ, સામાન્ય વિશેષ અને સમવાય આ છ પદાર્થોના સમાન ધર્મ અને વિરુધ્ધ ધર્મ જાણવાથી અનેક પદાર્થના જુદા જુદા ધર્મો સમજાય છે. આ દર્શનમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મનને દ્રવ્ય માને છે. આત્મા તથા અન્ય દ્રવ્યો વચ્ચેનો ભેદ સમજાય તે હેતુસર આ સર્વ દ્રવ્યોની ખાસિયતો નક્કી કરવામાં આવે છે.

**૫) પૂર્વમીમાંસા :**

મીમાંસા એટલે વિચારણા. બીજા દર્શનનોની સરખામણીમાં આ દર્શન ધર્મ સાથે વધુ સંબંધીત છે. આના કર્તા જૈમિની મુનિછે. આમાં માનવામાં આવ્યું છે કે યજ્ઞાદિ વિધિથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ દર્શન બ્રાહ્મણ ગ્રંથો સાથે ઘણી સમાનતા ધરાવે છે. યજ્ઞને લગતી શંકાઓ પ્રશ્નો વગેરે બાબતોનું આમાં સ્પષ્ટીકરણ પ્રાપ્ત થાયછે. વળી આ દર્શનમાં જણાવ્યું છે કે કર્મ એ ઈશ્વર છે. સાચો ગુરુ છે.

જૈમિની બુધ્ધિવાદ અને ઈશ્વરવાદનો વિરોધ કરે છે. પણ વેદને ઈશ્વરમાનીને તેના પ્રમાણની કોઈ જરૂરિયાત ગણાવતાં નથી. યજ્ઞયાગાદિના ફળો તેને અનુસરનારાને મળે છે. એવો વિશ્વાસ ધરાવે છે. ટૂંકમાં આ દર્શનમાં ધર્મ અથવા કર્મ કાંડની ચર્ચા હોવાથી તેને ધર્મમીમાંસા અથવા કર્મકાંડમીમાંસા પણ કહેવામાં આવે છે.

**૬) ઉત્તરમીમાંસા-વેદાંત દર્શન :**

ઉત્તરમીમાંસાના કર્તા બાદરાયણ વ્યાસ છે. વેદમાં વર્ણવેલા પરમાત્માના સ્વરૂપ વિશે તેમાં ચર્ચા કરવામાં આવી છે. આ દર્શન પ્રમાણે જીમાત્માએ પરમાત્માનું સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાનરૂપી અંધકારમાં ફસાઈ જવાથી તેને સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી જો આ અંધકારને દૂર કરવામાં આવે તો સાચું જ્ઞાન પ્રાપ્ત થાય એમ આમાં સુચવ્યું છે.

આ દર્શનમાં ઉપનિષદોના બ્રહ્મની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હોવાથી આને બ્રહ્મમીમાંસા પણ કહે છે. વળી વેદના અંત ભાગમાં એટલે કે ઉપનિષદોમાં જે સિદ્ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. તેનું આ દર્શનમાં વ્યવસ્થિત સંયોજન કરવામાં આવ્યું હોવાથી આને વેદાંત દર્શન પણ કહે છે.

**ઉપસંહાર :**

આ દર્શનો પ્રથમ દષ્ટિએ એકબીજાથી ભિન્ન હોય તેમ લાગે છે. પરંતુ જો તેમના સિધ્ધાંતની સૂક્ષ્મ બારીક તપાસ કરીએ તો જણાય છે કે તેઓ એકબીજાના પૂરક છે. એક જ જગ્યાએ જવાના ભિન્ન ભિન્ન માર્ગો છે. ભિન્ન ભિન્ન દર્શન એ બતાવે છે કે માનવસ્વભાવ પ્રમાણે દર્શનનો જુદા જુદા હોય તે જરૂરી છે. કારણકે દરેકને માટે એક માર્ગ નક્કી કરવો ઉચિત નથી. જીવન સિધ્ધિની પ્રાપ્તીએ મુખ્ય પ્રશ્ન છે. ભિન્ન ભિન્ન માર્ગ મુખ્ય બાબત નથી. આનંદશંકર ધ્રુવે સાચું કહ્યું છે કે આ દર્શનોના જીવ, જગ અને પરમાત્માના સ્વરૂપ સબંધા જૂજવા મતછે. પણ તેઓ એકબીજાની પૂર્તિ કરે છે.

* * *

# " English નો ડર "

**-સોલંકી ઈન્દીરા એન. (અર્થશાસ્ત્ર)**
**એમ.એ.પાર્ટ-૨,સેમી-3**

મિત્રો, અત્યારના આધુનિક યુગમાં કોઈપણ ક્ષેત્રમાં જેમકે શિક્ષણ ક્ષેત્ર, ધંધાકીય વ્યવસાય, સંદેશાવ્યવહાર દરેક જગ્યાએ English નું પ્રભુત્વ જોવા મળે છે. દરેક વ્યક્તિને English ની જાણકારી હોવી જરૂરી બની ગઈ છે.

અત્યારના આધુનિક યુગમાં ઈલેક્ટ્રોનિક યંત્રો, જેમકે મશીનો, કમ્પ્યુટર, મોબાઈલ જેવા યંત્રો જેમાં English ભાષા જોવા મળે છે. મિત્રો, ઘણા બધા લોકો "English" માં પાંચ વાક્યો પણ બોલી શકતા નથી એવું નથી કે તે લોકોને English આવડતું નથી પણ જો તે English માં બોલશે અને સામે તે વ્યક્તિ હશે તેનો પ્રતિભાવ કેવો હશે શું તેઓ મારી પર હસશે જો હું ખોટું બોલીશ તો શું તેઓ મારી મજાક કરશે / આ વિચાર આવતા જ છે તે વ્યક્તિ English બોલતા સંકોચ અનુભવે છે.

મિત્રો, તેમાંની હું પણ એક વિદ્યાર્થીની છું. પરંતુ, આ કોલેજમાં આવ્યા બાદ તે ડર પણ દૂર થઈ ગયો તો તમે, વિચારતા હશો કે કેવી રીતે ? તો આપું શરૂ કે જે English માં DELL ના ક્લાસ લેતા હતા. જેમાં અમે દરેક વિદ્યાર્થીઓ જોડતી કે લગભગ ૧૫ છોકરા-છોકરીઓ હતા અને દરરોજ ૧ કલાકના ક્લાસમાં અમે English માં વાતો કરતા હતા અને આ ઉપરાંત અમે કોલેજના એક કાર્યક્રમમાં અમે English માં નાટકની રજૂઆત પણ કરી હતી.

અત્યારે "English" શબ્દથી ડર તો લાગતો નથી. મિત્રો, વ્યક્તિ એવું ન કહી શકે કે મને English આવડતું નથી, કારણ કે આપણી રોજિંદા જીવનમાં ઘણા બધા શબ્દો English માં બોલીએ છીએ. જેમ કે, સવારએ ઉઠતા જ Good Morning કહીએ છીએ ત્યારે, "સુપ્રભાત" મોટાભાગના લોકો કહેતા નથી. નાસ્તાને બ્રેકફાસ્ટ, લંચ, ડિનર કહે છે, પણ સમયને પણ "Time" કહીએ છીએ કોઈના પણ જન્મદિવસએ અભિનંદન પણ "Happy Birthday" કહીએ છીએ.

આ ઉપરાંત ભેટને આપણને "ગિફ્ટ" કહીએ છીએ. જે વ્યક્તિ English શબ્દનો ઉપયોગ પણ ન કરતો હોય તે વ્યક્તિ આજે જો પ્રેમનો એકરાર કરવાનો હોય તો તે પણ English માં કરે છે. લગ્નના બદલે "મેરેજ" શબ્દનો ઉપયોગ કરે છે. ચિત્રપટની જગ્યાએ "ફિલ્મ" શબ્દનો ઉપયોગ કરે છે.

અત્યારે જો કોલેજના અધ્યાપકોને આપણે પ્રોફેસર કહેવામાં આવે છે તે પણ English શબ્દ છે. એડમિશન, ફી, માર્કશીટ આમ, ઘણા શબ્દો English માં આપણે બોલીએ છીએ અને છતા પણ, અમે English નથી આવડતું તે શબ્દનો ઉપયોગ કરે છે.

મિત્રો, મારે એટલું જ કહેવું છે કે વ્યક્તિ કદાચ English માં વાતચીત કરતા હશે તેમાં ઘણાલોકોને English નું ગુજરાતી કરતા પણ આવડતું નથી તેઓ કરતા આપણને ઘણા આગળ છે તેમ ... જોઈએ કે આપણે જે બે કે ત્રણ વાક્યો English માં બોલીએ છીએ તેનો અર્થ તો જાણીએ છીએ.

અંતે, હું એટલું જ કહીશ English નો ડર કાઢી નાખો અને અત્યારથી English માં વાતચીત કરો પછી ભલે ગુજરાતી અને English મિક્સ કરીને પણ વાતચીત કરો જે રીતે મરોજમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરો છો તેવી જ રીતે ગુજરાતીનો English માં ઉપયોગ કરતા શીખો તો જરૂર સફળતા મળશે.

* * *

## " સાચો ગુજરાતી કેવો હોય, ખબર છે ? "

એનું દિલ શીખંડ જેવું નરમ
એની બોલી જલેબી જેવી મીઠી
એનો ગુસ્સો ઊંધિયા જેવો ગરમાગરમ
એનો સ્વભાવ મિલનસાર-દાળ ઢોકળી જેવો
ખીજાય ત્યારે કારેલાના શાક જેવો કડવો
પૈસા ઉધાર માંગો તો ખાખરા જેવો લુખ્ખો
જીભથી પેમાળ, હૈયાથી વહેમાળ
માન આપવા હંમેશા તૈયાર
દાન આપવામાં વિચાર કરનાર
પાણીની કરે હંમેશા લ્હાણી
શરબત પીવડાવે જાણી જાણી
એને કાંઈ કંજૂસ ને કહેવાય
એને તો સમજુ ને ડાહ્યો કહેવાય.

* * *

## " રૂપિયો ક્યાં પહોંચશે ? "

ડોલર સામે રૂપિયો નબળો પડી રહ્યો છે. ત્યારે બીજો શોકએ લાગ્યો છે કે યુરો સામે પણ સૌથી નીચે સરક્યો છે. ડોલર પછી પાઉન્ડ અને યુરોમાં સૌથી વધુ વિદેશી વેપાર થઈ રહ્યા છે. રિઝર્વ બેન્કના ગર્વનરે તૂટતા રૂપિયાથી નિકાસ વધશે એવી આશા પર પાણી ફેરવતું નિવેદન કર્યું છે યોગાનુયોગ રૂપિયો ડોલર સામે બરોબર એક વર્ષ પછી ફરી ૫૭ની નીચે જવા પામ્યો છે. જ્યારે યુરો સામે પ્રથમવાર ૭૫.૬૬ ની સપાટીએ પહોંચ્યા હતો.

રૂપિયાની નરમાઈથી એક તરફ નિકાસ વધવાની અને ટ્રેડ બેલેન્સમાં સુધારો થવાની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે બીજી તરફ ક્રૂડની આયાત મોંઘી થતાં પેટ્રોલિયમ પ્રોડક્ટના ભાવમાં વધારો થવાની શક્યતા વધી છે. આને કારણે ફુગાવો જે છેલ્લા બે મહિનાથી કાબૂમાં આવ્યો છે તે ફરી વકરવાની દહેશત જાગી છે. આંકડામાં જોવામાં આવે તો તે નીચે પ્રમાણે છે.

**આંકડામાં :**

૧ ) ૫૭.૦૬ :- ડોલર સામે રૂપિયો પ્રથમવાર આ વર્ષે સ્પર્શ્યો હતો.

૨ ) ૫૭.૯૨ :- ડોલર સામે ૨૫ જૂન-૨૦૧૨ એ ઈન્ટ્રા ડેમાં થયો.

૩ ) ૭૫.૬૬ :- યુરો રૂપિયા સામે બંધ રહ્યો જે મહિનામાં ૬.૪% ઘટ્યો.

૪ ) ૮૮.૮૭ :- પાઉન્ડ રૂપિયા સામે થયો છે જે મહિનામાં ૫.૪% નરમ

૫ ) ૬.૪% :- રૂપિયો યુરો સામે એક મહિનામાં અન્ય કરન્સી કરતાં વધુ ઘટ્યો.

## રૂપિયાની ઉથલપાથલથી ક્યાંક ફાયદો તો ક્યાંક નુકશાની કઈ ઈન્ડસ્ટ્રીઝને લાભ થાય ?

* **ફાર્મા :-** ઈન્ડસ્ટ્રીની નિકાસ વધીને ૧૬ અબજ ડોલરથી વધુ છે. આ નિકાસને વેગ મળશે. ભારતીય ફાર્મા પ્રોડક્ટનો રેગ્યુલેટેડ માર્કેટ જેવી કે અમેરિકા, યુરોપમાં હિસ્સો ઓછો રહેતા લાભ મર્યાદિત બને.

* **આઈટી :-** ડૉલરની નબળાઈને કારણે આઈટી ઉદ્યોગ સૌથી વધુ લાભમાં રહે. બીજી તરફ યુરો પણ નબળો પડતા તેનો લાભ મળે. યુરો-ડૉલરની વધઘટ અંકુશમાં રહેશે તો આઈટી કંપનીઓ કરન્સી હેજીંગનો લાભ ઉઠાવી શકે.

* **ટેક્સટાઈલ :-** ટેક્સટાઈલની નિકાસ ૩૩ અરબ ડૉલરની છે યુરોપની મંદીને કારણે ટેક્સટાઈલ નિકાસ દબાણ હેઠળ હતી અને ગયા વર્ષે નિકાસ માં ૪% ઘટાડો હતો.

* **એન્જિનિયરિંગ :-** એન્જિનિયરિંગ નિકાસ ૧૭ અબજ ડોલરની જેવી રહેતા લાભ મળી શકે. ગુજરાતમાં ઉદ્યોગ મોટાપાયે વિકસિત રહેતા લાભ રાજ્યના ઉદ્યોગકારો ઉઠાવી શકે.

* **ડાયમંડ :-** રૂપિયાની નબળાઈનો લાભ

મર્યાદિત રહે કેમ કે નિકાસ માટે રફ ડાયમંડની આયાત મોટાપાયે થતી હોવાથી હેજીંગ પ્રવૃત્તિથી લાભ રહે. આમ છતાં નિકાસમાં ૫% ની વૃદ્ધિની સંભાવના ખરી.

**※ રૂપિયાની નબળાઈની નુકશાની કઈ રીતે :**

**※ પ્રવાસ :-** ફરવા જનારાને આડઅસર થાય. પ્રવાસની મોસમ પૂરી થઈ હોવાથી અસર મર્યાદિત વર્ગને થાય. વીડિયો કોન્ફરન્સ પર વધુ ભાર આપવામાં આવે.

**※ એજ્યુકેશન :** ભારતમાંથી વિદેશમાં ભણવા જનારાની સંખ્યા વધુ છે. નવા એજ્યુકેશન કોર્સની શરૂઆત ઓગસ્ટથી થતી હોવાથી હવે એજ્યુકેશન મોંઘુ પડશે.

**※ ફૂડ :-** ભારતની કુલ આયાતમાં ફૂલ બિલનો હિસ્સો ૬૦% થી વધુ રહેતા આયાત મોંઘી સ્થાનિક પ્રેટોલિયમ પ્રોડકટનો ભાવમાં વધારો થતો જોવાય.

**※ એફ.આઈ.આઈ :-** શેરબજારમાં એફઆઈઆઈના રોકાણ કે એફડી.આઈના રોકાણ ને અવળી અસર થાય. વિદેશી રોકાણકારો માટે ભારતમાં રોકાણ મોંઘુ બનેછે.

## 'એક કોડિયું'

મનુષ્ય જીવનએ એક કોડીયું છે. એને હંમેશા પ્રકાશિત રાખો. આપણે પ્રભુ પાસે પીવાનું પાણી માગ્યું તો એણે આપણને હજારો ઝરણાઓ-નદીઓ-સરોવરો આપી દીધા. આપણે એમની પાસે ફૂલની માંગણી કરી તો એણે આપણને બગીચાઓ ભરીને ગુલહસ્તાઓ મોકલી દીધા. આપણે એની પાસે છાંયડા માટે એકાદ ઝાડવું માંગ્યુ તો એણે આપણને મોટા મોટા ગાઢ જંગલો આપી દીધા.

આપણે કહ્યું કે હે ભગવાન ! મને એકલું એકલું લાગે છે. તો એણે આપણને કુટુંબ-સંગાથી-સાથી-મિત્રોની ભેટ આપી દીધી. કેવો દયાળુ છે એ ! ! !કેટલો બધો માયાળુ છે એ ! ! એના પર વિશ્વાસ રાખીએ તો એ શું નથી આપતો ? ભગવાન પ્રત્યેની-શ્રદ્ધા અને વિશ્વાસનું કોડિયું હંમેશા જલતું પ્રકાશમય રાખો. પછી જુઓ અંધકારનો ડર ક્યારેય નહિ લાગે. આખા જગતનું અંધારું થાય તો પણ આ કોડિયાને ક્યારેય નહિ ઓલવી શકે.

દિકરો અને દિકરીએ પણ જીવનનું પ્રકાશમય કોડિયું છે દિકરા કરતા પણ દિકરી રૂપી પ્રકાશમય કોડિયું બંને પેઢીને તારે છે. દિકરો એક કૂળને તારે છે પરંતુ દિકરી તો બંને કુળનો ઉદ્ધાર કરે છે. દિકરીએ તો ઘરનો તુલસી કયારો છે એ તુલસી કયારામાં પાન તો ભગવાન પણ હોંશે હોંશે સ્વીકારે છે.

⇨ દિકરો વારસ છે ,દિકરી પારસ છે.
⇨ દિકરો વંશ છે, દિકરી અંશ છે.
⇨ દિકરો આન છે, દિકરી શાન છે.
⇨ દિકરો તન છે, દિકરી મન છે.
⇨ દિકરો માન છે, દિકરી ગુમાન છે.
⇨ દિકરો સંસ્કાર છે, દિકરી સંસ્કૃતિ છે.
⇨ દિકરો આગ છે, દિકરી બાગ છે.
⇨ દિકરો દવા છે, દિકરી દુવા છે.
⇨ દિકરો ભાગ્ય છે, દિકરી વિધાતા છે.
⇨ દિકરો શબ્દ છે, દિકરી અર્થ છે.
⇨ દિકરો ગીત છે, દિકરી સંગીત છે.
⇨ દિકરો પ્રેમ છે, દિકરી પૂજા છે.

પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસરૂપી કોડિયું કાયમ પ્રજવલિત રાખીએ.

**સંકલન**
**સોલંકી ઈન્દીરા એન.**
**(અર્થશાસ્ત્ર)**
**એમ.એ.પાર્ટ-૨, સેમી-૩**

※ ※ ※

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter) BOOK POST

To ______________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬